ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અંકલેશ્વર | ૩૭.૦° સે. | ૨૨.૦° સે. |
| બારડોલી | ૩૮.૦° સે. | ૨૨.૦° સે. |
| ભરૂચ | ૪૦.૦° સે. | ૨૩.૦° સે. |
| વ્યારા | ૩૮.૦° સે. | ૨૨.૦° સે. |



## અંકલેશ્વરની પ્રતિન ચોકડી પર બુલ ફાઇટ, લોકોના જીવ અધ્ધર થઈ ગયા


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના વ્યસ્ત ગણાતા પ્રતિન ચોકડી વિસ્તારમાં રખડતા આખલાઓના યુદ્ધે રણમેદાન જેવો માહોલ સર્જી દીધો હતો. આખલાઓ જાહેર માર્ગ પર એકબીજા સાથે એવા બાખડ્યા હતા કે રસ્તા પરથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા હતા. રખડતા ઢોરનો ત્રાસ હવે જનતા માટે જીવલેણ બની રહ્યો છે. તંત્ર દ્વારા કાગળ પર ઢોર પકડવાની ગમે તેટલી ગુલબાંગો ફૂંકવામાં આવતી હોય, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે રસ્તાઓ આજે પણ રખડતા પશુઓના હવાલે છે.

# ગેસ બોટલના કાળાબજારના નામે નકલી પોલીસે તોડ કર્યો

**બારડોલીના** મોતામાં ટેમ્પો અટકાવી એજન્સીનાં સંચાલક પાસેથી 50 હજાર પડાવ્યા

**એલસીબી** પોલીસે 30.51 લાખના મુદ્દામાલ સાથે ત્રણ રાજસ્થાનીને ઝડપી પાડ્યા, એક ફરાર

પલસાણા: બારડોલીમાં પોલીસની ખોટી ઓળખ આપી ખંડણી ઉઘરાવતી ગેંગનો સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ પર્દાફાશ કર્યો છે. આ ટોળકીએ ગેસ એજન્સીના ટેમ્પોને અટકાવી મીડિયામાં બદનામ કરવાની ધમકી આપી રૂ. ૫૦,૦૦૦ પડાવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૩૦.૫૧ લાખના મુદ્દામાલ સાથે ત્રણ આંતરરાજ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

તાજેતરમાં બારડોલીના વાંકાનેર ગામે ભારત ગેસ એજન્સીનો ટેમ્પો (નં. GJ 26 T 0274) ઘરેલું ગેસના બાટલા સપ્લાય કરવા જઈ રહ્યો હતો. ત્યારે કાળા રંગની સ્કોર્પિયોમાં આવેલા ઈસમોએ ટેમ્પો અટકાવી પોતે એલ.સી.બી./એસ.ઓ.જી.ના 'કિરણભાઈ' હોવાની ઓળખ આપી હતી. તેઓએ બાટલાનું કાળાબજાર થતું હોવાનો આક્ષેપ કરી, વિડીયો ઉતારી મીડિયામાં બદનામ કરવાની અને પોલીસ કેસ કરવાની ધમકી આપી એજન્સીના માલિક પાસેથી બળજબરીથી રૂ. ૫૦,૦૦૦ કઢાવી લીધા હતા. આ અંગે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ કેસમાં એલ.સી.બી.ની ટીમે મોતા ગામે આવેલી એકલવ્ય સ્કૂલ નજીક નહેર પાસે વોચ ગોઠવી બે સ્કોર્પિયો કાર સાથે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ સલીમ નસીરખાન મેહર, ઉમરસખીર મોહમદ કલર અને યાસીન ઉર્ફે આસીન કલર તરીકે થઈ છે, જેઓ મૂળ રાજસ્થાનના રહેવાસી છે. જ્યારે સિકંદર મુસેખાન નામના આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસે બે મહિન્દ્રા સ્કોર્પિયો ક્લાસિક S11 કાર કિંમત રૂ. ૩૦,૦૦,૦૦૦, રોકડા રૂપિયા ૫૬,૬૭૦ અને ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂ. ૯૫,૦૦૦ મળી રૂ. ૩૦,૫૧,૬૭૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## ઓરણા પાસે ટેમ્પો પલટી જતાં મહિલાનું મોત

કામરેજ: મૂળ ગાંધીનગરના મહુડી ગામના વતની અને હાલ કામરેજ ખાતે મામાદેવ ચોક ખાતે રાધે પેલેસમાં સી-16 માં રહેતા યશવંત ઉર્ફે રાજેશ પનલાલ શાહ અને તેમની પત્ની વૈશાલીબેન (ઉ.વ.40)એ નવું ફ્રીઝ લીધું હોવાથી જૂનું ફ્રીઝ મીરાપુર ગામે રહેતા સાસુ કોકીલાબેન વૈરાગીના ઘરે મુકવા ટેમ્પો નંબર જીજે 05 સીટી 4658 ભાડે કરી ગયા હતા. ફ્રીજ મૂકીને પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે ટેમ્પોના ડ્રાઈવરની બાજુમાં વૈશાલીબેન અને પાછળ યશવંત ઉર્ફે રાજેશભાઈ બેઠા હતા. ઓરણા ગામે વળાંકમાં વૈશાલીબેન પડી ગયા અને તેમની ઉપર ટેમ્પો પડી જતાં ગંભીર ઈજાના પગલે તેમનું મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કામરેજના હલધરૂના પાંચ કિશોર પૈસા કમાવવા મુંબઈ પહોંચી ગયા

**પૈસા** પૂરા થઈ જતાં ઓનલાઈન પૈસા મંગાવતા પત્તો લાગ્યો, શનિવારે પરત ફરતાં હાશકારો

કામરેજ: કામરેજના હલધરૂ ખાતે એક સોસાયટીમાં પાંચ કિશોર ટ્રેનમાં મુંબઈ ખાતે રૂપિયા કમાવવા માટે નીકળી પડ્યા હતા. જેમાં એક કિશોર ઘરે આવી ગયા બાદ અન્ય ચાર કિશોરને શોધખોળમાં પોલીસ લાગી હતી. શનિવારના રોજ ચારેય કિશોર ઘરે પરત આવી ગયા હતા.

હલધરૂ ગામ નજીક આવેલી સોસાયટીમાં રહેતા 14 વર્ષના પાંચ કિશોર એક અઠવાડીયા અગાઉ સ્કૂલમાં રજા પાડી ટ્રેનમાં સુરતથી મુંબઈ જતાં રહ્યા હતા. જેના લઈને પાંચેય કિશોરના પરિવાર દ્વારા શોધખોળ કરતાં કોઈ જ ભાળ ન મળતાં આખરે કામરેજ પોલીસને જાણ કરવામાં આવી હતી. પાંચ કિશોરમાંથી એક કિશોરે ફોન કરીને મુંબઈ બાન્દ્રા ફરવા માટે આવ્યા છે, હું ઘરે પરત આવું છું, તેમ કહીને ફોન મૂકી દીધો હતો. મોડી રાત્રિના એક કિશોર ઘરે આવી ગયો હતો. બાકીના ચાર ન આવતા કામરેજ પોલીસે ગુનો નોંધી એક ટીમ મુંબઈના બ્રાન્દ્રા ખાતે રવાના થઈ હતી. ત્યાં તપાસ કરતાં ચારેય કિશોર અમદાવાદ જતી ટ્રેનમાં ગયા હોવાનું જાણ મળવા મળ્યું હતું. શનિવારના રોજ ચારેય કિશોર પાસે રૂપિયા પૂરા થઈ જતાં એક કિશોરે ઘરેથી રૂ.300 ઓનલાઈન મંગાવતા ચારેય કિશોરનો પત્તો લાગી ગયો હતો. રાત્રે ચારેય કિશોર પોત પોતાના ઘરે પહોંચી જતાં પોલીસે હાશકારો લીધો હતો.

# મોટા જાંબુડા ગામે ગુમ મહિલાની દટાયેલી લાશ મળી

**મહિલા** ખેતરમાં ઘાસ કાપવા ગયા બાદ ગુમ થઈ હતી, પોલીસે તપાસ હાથ ધરી


પ્રદીપ ગુર્જર

નેત્રંગ, ભરૂચ: નેત્રંગ તાલુકાના મોટા જાંબુડા ગામની સીમમાંથી ગુમ થયેલી એક મહિલાનો મૃતદેહ જમીનમાં દટાયેલી હાલતમાં મળી આવ્યો છે.

નેત્રંગના મોટા જાંબુડા ગામમાં રહેતા રસિકભાઈ વસાવાએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું કે તેમની પત્ની હસુમતીબેન તા.28મી ફેબ્રુઆરીના રોજ બપોરે ખેતરમાં ઘાસ કાપવા ગયા હતા, પરંતુ મોડી સાંજ સુધી પરત ફરી ન હતી. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. શનિવારે સવારે પરિવાર અને ગ્રામજનો દ્વારા શોધખોળ ચાલી રહી હતી, ત્યારે સીમમાં આવેલી એક આંબાની વાડીના પાછળના ભાગે જમીનમાં કંઈક દાટ્યું હોવાની શંકા ગઈ હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ અધિકારીઓ અને ડોકટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જમીન ખોદતા પ્લાસ્ટિકની કોથળીમાંથી મહિલાનો કોહવાયેલો મૃતદેહ મળ્યો હતો. મૃતકના પતિ અને પુત્રોએ લાશ પરના કપડાં પરથી તે હસુમતીબેન હોવાની ઓળખ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કોઈ અજાણ્યા ઈસમે કોઈ અગમ્ય કારણોસર હસુમતીબેનની ગળે ટૂંપો દઈને હત્યા કરી હતી. ત્યારબાદ પુરાવાનો નાશ કરવાના હેતુથી લાશને પ્લાસ્ટિકની કોથળીમાં બાંધીને જમીનમાં દાટી દીધી હતી. નેત્રંગ પોલીસે આ મામલે હત્યા અને પુરાવાનો નાશ કરવા અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે રહસ્યમયી ગુના પાછળનાં કારણો શોધવા અને આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# કબીરવડ નજીક ધોરણ 12ના વિદ્યાર્થીને અર્ધનગ્ન કરી માર મરાયો

**વિડીયો** વાયરલ, આગળ ઊભેલી કારને સાઈડ કરવાનું કહેતા યુવક પર તૂટી પડ્યા

**નિકોરાના** અનુરાગ વસાવા સહિત 10થી 12 શખ્સ સામે ગુનો દાખલ



ભરૂચ: ભરૂચ શહેર નજીક કબીરવડ-મઢીઘાટ વિસ્તારમાં ધોરણ 12માં અભ્યાસ કરતાં એક યુવાનને અર્ધનગ્ન કરી માર મારવાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ઘટનાએ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે.

મળતી માહિતી અનુસાર, અંગારેશ્વર નવી વસાહતના રહેવાસી અને ધો.12માં અભ્યાસ કરતાં આશરે 19 વર્ષીય ઉર્વેશ વણકર પોતાના ભાઈ સાથે નવો મોબાઈલ ખરીદવા માટે ઈકો કારમાં ભરૂચ તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન કબીરવડ મઢીઘાટના પાટિયા નજીક પહોંચતાં અચાનક એક ફોર્ચ્યુનર કાર તેમની ગાડી આગળ આવી ઊભી રહી હતી. પીડિતના ભાઈએ હોર્ન વગાડી ગાડી સાઈડ પર લેવાની વિનંતી કરી હતી. આ બાબતે કારમાંથી ઉતરેલા શખ્સે ઉગ્ર વાદવિવાદ શરૂ કર્યો હતો. ફરિયાદ મુજબ આ વ્યક્તિ નિકોરા ગામનો અનુરાગ રામજી વસાવા સાથે કારમાં ધ્રુવિક પ્રકાશ માછી સહિત અન્ય લોકો પણ હાજર હતા. આરોપ છે કે અનુરાગ વસાવાએ પોતાના સાથીઓને ફોન કરી વધુ લોકોને સ્થળ પર બોલાવી લીધા હતા અને બાદમાં ટોળાએ પીડિત યુવાનને જાતિ આધારિત ગાળો આપી, ટી-શર્ટ ફાડી તેને રસ્તા પર દોડાવી દોડાવી લાકડીઓ વડે માર માર્યો હતો. આસપાસના લોકોએ વચ્ચે પડી ઈજાગ્રસ્તને બચાવી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. પીડિતના આક્ષેપ મુજબ હુમલા દરમિયાન તેની પાસે રહેલી આશરે 20,000 રૂપિયાની રકમ તથા ગળામાં પહેરેલી ચેન પણ તૂટી ગઈ હતી. બનાવ અંગે નબીપુર પોલીસે અનુરાગ રામજી વસાવા, ધ્રુવિક પ્રકાશ માછી, રામજી વસાવા, મિતેશ રામજી વસાવા, ચંપાબેન રામજી વસાવા, સુરેશ વસાવા, શૈલેશ વસાવા, યશ માછી સહિત અન્ય 10 થી 12 અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે પીડિતે આરોપ મૂક્યો છે કે અનુરાગ વસાવા અને તેના સાથીદારો સમગ્ર વિસ્તારમાં દાદાગીરી કરી ધાક જમાવતા હોવાના આક્ષેપો કર્યા છે. તેઓ દારૂ તથા ગાંજાનો પણ ગેરકાયદે કારોબાર ચલાવતા હોવાથી પોલીસનો કશો ડર તેઓને નથી.

## નશો કરી ST બસ ચલાવતા ડ્રાઈવર સામે કંડક્ટરની ફરિયાદ

કામરેજ: વાપીથી ગોધરા જતી એસટી બસ નશો કરીને ચલાવતા ચાલક સામે કન્ડકટરે કામરજે પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. વલસાડ જિલ્લાના વાપી એસ.ટી વર્કશોપની બાજુમાં અજય પ્રેમજીભાઈ ભામાણી (ઉ.વ.37) રહીને વાપી ડેપોમાં કન્ડકટર તરીકે નોકરી કરે છે. તેઓ શનિવારના રોજ વાપી ડેપોથી દાહોદની બસ નં. જીજે 18 ઝેડટી 3184 ડ્રાઈવર તરીકે ભાગવત સિતારામ ચૌધરી સાથે ગોધરા જવા માટે બસ લઈને નીકળ્યા હતા.

સાંજે કામરેજના નવીપારડી ગામની હદમાં મુંબઈ-અમદાવાદ ને.હા.નં. 48 પર બસના ડ્રાઈવર સીતારામ નશો કરીને ગમે તેમ બસ ચલાવતા હોવાથી ડેપો મેનેજરને જાણ કરી બસ સાઈડમાં ઊભી રખાવી હતી, જે બાદ પોલીસને જાણ કરતાં તેને કામરેજ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો હતો.

# વ્યાજખોરે 3 લાખની સામે 18 લાખ વસૂલ્યાનો આક્ષેપ

**મારપીટ** અને ધમકી આપતો વિડીયો વાયરલ, વેપારીએ ફરિયાદ આપતા ભરૂચ પોલીસે તપાસ હાથ ધરી

ભરૂચ: ભરૂચના તુલસીધામ વિસ્તારમાં એક વેપારીએ વ્યાજે લીધેલા 3 લાખની સામે વ્યાજખોર દ્વારા 18 લાખ રૂપિયા સુધીની રકમ વસૂલી લેવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. છતાં ઉઘરાણી ચાલુ રહેતાં વેપારી સાથે કથિત મારામારી કરતાં આખરે મામલો પોલીસમાં પહોંચ્યો છે.

કપડાના વેપારી દિલીપકુમાર ઓમપ્રકાશ સુધારે સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આપેલી લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ-2022માં વેપાર અર્થે નાણાકીય જરૂરિયાત ઊભી થતાં તેમણે આરોપી અજયભાઈ મહેન્દ્રકુમાર શાહ પાસેથી 3 લાખ રૂપિયા ઉછીના લીધા હતા. 10 મહિનામાં પાંચ ટકા વ્યાજ સાથે રકમ પરત કરવાની શરતે સુરક્ષા પેટે આરોપીને ત્રણ કોરા ચેક પણ આપ્યા હતા. જોકે, ફરિયાદીનો આરોપ છે કે આરોપીએ શરત મુજબની રકમ લીધા બાદ પણ વ્યાજના નામે સતત વધુ રકમની માંગણી શરૂ કરી દીધી હતી. ડરાવી-ધમકાવીને આરોપીએ અત્યાર સુધીમાં ફરિયાદી પાસેથી આશરે રૂ.18 લાખ રૂપિયા વસૂલી લીધા છે. મોટી રકમ લીધા બાદ પણ આરોપીએ ઉઘરાણી ચાલુ રાખી હતી. એક ઘટનામાં તો ફરિયાદીને બળજબરીથી કારમાં બેસાડી અન્ય સ્થળે લઈ જઈ તેની સાથે મારમાર કરવામાં આવ્યો હતો. આરોપીએ ફરિયાદીના પરિવાર સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી વધુ પૈસા આપવા દબાણ કર્યું હતું.

આ દરમિયાનનો એક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયો વાયરલ થતાં મામલો ગંભીર બન્યો છે. સતત ચાલતા ત્રાસ અને ઉઘરાણીથી કંટાળીને વેપારીએ આખરે સી-ડિવિઝન પોલીસ ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. જો આરોપી દોષિત સાબિત થશે તો તેની સામે વ્યાજખોરી અને ધમકીના ગુનાઓ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## અંકલેશ્વરમાં ગેસ એજન્સી માંગશે તો પોલીસ બંદોબસ્ત આપશે

અંકલેશ્વર: ઘણગેસની બોટલોના કાળાબજાર રોકવા તથા અરાજકતા ફેલાતી અટકાવવા અંકલેશ્વરમાં પોલીસે નવી પહેલ કરી છે. ગેસ એજન્સીઓ માંગશે તો પોલીસે બંદોબસ્ત પૂરો પાડવાની તૈયારી બતાવી છે. અંકલેશ્વરમાં ગેસ બોટલ વિતરણ કરતી વિવિધ એજન્સીના સંચાલક અને અધિકારીઓ જોડે પીઆઈ પી.જી ચાવડાની અધ્યક્ષતામાં પોલીસમથકે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગેસ બોટલ વિતરણ દરમિયાન ઘેરાવો થાય કે પછી એજન્સી ઓફિસ પર ગ્રાહકો જોડે ટકરાવ ના થાય તેમ માટે પોલીસ દ્વારા જરૂરી સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવા માટેની પહેલ કરી હતી.

# ભરૂચમાં બંધ ઘરમાંથી રૂપિયા 1.96 લાખની ચોરી

**વૃદ્ધ** દંપતી વડોદરા પુત્રના ઘરે સપ્તાહ રોકાવા ગયા હતા

ભરૂચ: શહેરના GNFC ટાઉનશીપ પાસે આવેલી સ્વસ્તિક સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત કર્મચારીના ઘરમાંથી રૂ.1.96 લાખથી વધુની ચોરી થવા પામી છે.

ભોલાવમાં સ્વસ્તિક સોસાયટી મકાન નં-2માં રહેતા 73 વર્ષીય અરવિંદકુમાર લક્ષ્મીદાસ પટેલે ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. તા. 8મી માર્ચની સવારે સાડા સાતેક વાગ્યે તેઓ પોતાના પત્ની મીનાક્ષીબેન સાથે મકાન બંધ કરી વડોદરા ખાતે પોતાના દીકરા પુલીનના (વડોદરાના વાસણા ખાતે) ઘરે ગયા હતા. આજે પરત આવતા ઘરમાં તપાસ કરતાં બેડરૂમમાં લાકડાના કબાટનો સામાન વેરવિખેર હાલતમાં નીચે પડેલો હતો. ઉપરના માળે પણ કબાટોના તાળા તૂટેલા હાલતમાં હતા.

જેમાં ચેક કરતા 10 ગ્રામ વજનનો સોનાનો સેટ (પેન્ડલ-ચેઈન) જેની કિંમત રૂ.1,18,790 તેમજ ચાંદીના વિવિધ દાગીના અને વસ્તુઓ ગાયબ હતી. ચોરી ગયેલી ચાંદીની વસ્તુઓમાં નાની ડીશ (6 નંગ), કંકાવટી (2 નંગ), ગ્લાસ (2 નંગ), નાના બાળકોના હાથના અને પગના કડલા (8 નંગ) અને નાની ગણપતિની મૂર્તિ (2 નંગ)નો સમાવેશ થાય છે. જેનું કુલ વજન 280 ગ્રામ અને કિંમત રૂ.77,000 જેટલી વસ્તુઓ ચોરાઈ ગઈ હતી. કુલ મળીને રૂ.1,96,790ના મુદ્દામાલની ચોરી થઈ હતી.

# નર્મદા જિલ્લા આપના ઉપપ્રમુખ ભાજપમાં જોડાવવાની અટકળોનો અંત

**આ અમારા** ઘરની બાબત છે: દેવેન્દ્ર વસાવા

સાગબારા: નર્મદા જિલ્લાના આપ ઉપપ્રમુખ દેવેન્દ્ર વસાવા અને MLA ચૈતર વસાવા વચ્ચે મતભેદોની ચર્ચાએ જોર પકડી છે. જેને લઈને હાલમાં દેવેન્દ્ર વસાવા ભાજપમાં જોડાવાની અટકળોએ સોશિયલ મીડિયાએ જોર પકડ્યું હતું પરંતુ દેવેન્દ્ર વસાવાએ પોતે આ અટકળોને ખોટી ઠેરવી છે.

મળતી માહિતી અનુસાર જિલ્લા ઉપપ્રમુખ દેવેન્દ્ર વસાવાને મહત્ત્વની સેન્સ પ્રક્રિયામાં બાકાત રાખવામાં આવ્યાનું કહેવાય છે. જેને લઈને તેઓ નાખુશ હતા. જેને લઈને એમ કહેવાય છે કે રવિવારે અમદાવાદ કમલમ ખાતે ભાજપમાં જોડાવવાની અટકળો વહેતી થઈ હતી. જો કે રવિવાર આવતા જ આવી કોઈ ઘટના બની ન હતી. આ અટકળોને ખોટી સાબિત થતાં દેવેન્દ્ર વસાવાએ સ્પષ્ટતા કરી હતી કે, આ અમારા ઘરની બાબત છે. કુટુંબ હોય તો વાસણો ખખડે. પણ પછી શાંત થઈ જાય. ચૈતરભાઈ વસાવા અમારા આદિવાસી સમાજના નેતા છે અને રહેશે. ઘરમાં નારાજગી હોય એ પણ ઘરમાં બેસીને હલ કરી દેતા હોય છે.

વધુમાં ઉમેર્યું હતું કે ચૈતર વસાવાને રાજનીતિમાં લાવવાનો શ્રેય મને જાય છે. ચૈતર વસાવા કહેશે તો હું જિલ્લા પંચાયતની "ચીકદા" કે "આંબાવાડી" બેઠક પર ચૂંટણી લડવા તૈયાર છું.

જે બાબતે MLA ચૈતર વસાવાએ આ બાબતે મત વ્યક્ત કર્યો હતો કે અમે એક જ પરિવારનાં હોય ત્યારે નાની મોટી નારાજગી હોય છે પણ દેવેન્દ્રભાઈ વસાવા સાથે અમે વાત કરી ત્યારે આવી અટકળોને ખોટી ઠેરવી છે. તેઓ અમારી સાથે જ છે એમ જણાવ્યું છે.

Milano
MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરમાં નવજીવન હોટલ પાસે બસ-ટ્રક વચ્ચે ટક્કર 40 મુસાફરોનો બચાવ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક પસાર થતાં નેશનલ હાઇવે ૪૮ પર નવજીવન હોટલ નજીક સુરત તરફથી આવી રહેલી ગુજરાત એસ.ટી. નિગમની બસ અને રોડ ક્રોસ કરી રહેલી ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત સમયે એસ.ટી. બસમાં આશરે ૪૦ જેટલા મુસાફરો સવાર હતા. ટક્કર એટલી જોરદાર હતી કે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી, પરંતુ સદનસીબે આ ભયાનક દુર્ઘટનામાં તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક જામની સ્થિતિ ન સર્જાય તે માટે વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

### માંડવીના અપહરણના ગુનામાં આરોપી સાંધીએરથી ઝડપાયો



માંડવી: માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા અપહરણના ગુનામાં પોલીસે ઝડપી અને અસરકારક કામગીરી કરીને ગણતરીના કલાકોમાં જ આરોપી સાથે ભોગ બનનારને સુરક્ષિત રીતે શોધી કાઢ્યા છે. માંડવી પોલીસ સ્ટેશનના PI સી. બી. ચૌહાણએ સ્ટાફને ચોક્કસ દિશામાં તપાસ હાથ ધરવા માટે સૂચનાઓ આપી હતી. તા. 12 માર્ચ, 2026ના રોજ માંડવી પોલીસ સ્ટેશન ખાતે ગુના રજીસ્ટર નં. 11214032260252/2026 હેઠળ ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 137(2) અને 87 મુજબ અપહરણનો ગુનો નોંધાયો હતો. તપાસ દરમ્યાન પોલીસ ટીમે ઓલપાડ તાલુકાના સાંધિએર ગામેથી આરોપી તથા ભોગ બનનાર બંનેને શોધી કાઢી તેમને માંડવી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીની ઓળખ પ્રિન્સ અશોકભાઈ વસાવા (હાલ રહે., વિરપોર ગામ, કોલોની ફળિયું, તા. અરેઠ, જિ. સુરત, મૂળ વતન વાંસોલી ગામ, તા. માંગરોળ, જિ. સુરત) તરીકે થઈ છે.

### મહુવાના નિહાલી ગામે દીપડો પાંજરે પુરાયો


મેહુલ પટેલ

અનાવલ: મહુવા તાલુકાના નિહાલી ગામ અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની હાજરીને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. લોકોની રજૂઆતને ધ્યાને લઈ વન વિભાગે વ્યૂહાત્મક આયોજન સાથે નિહાલી ગામની સીમ વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું અને દીપડાને લલચાવવા માટે પાંજરામાં મારણ પણ મૂકવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારે શિકારની શોધમાં નીકળેલો આશરે ચાર વર્ષનો કદાવર દીપડો પાંજરામાં કેદ થઈ ગયો હતો. તબીબી તપાસ કર્યા બાદ તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### પલસાણામાંથી અજાણ્યા આધેડનો મૃતદેહ મળ્યો

પલસાણા: પલસાણા ગામે આવેલી ધોબીની મિલ પાસે 45થી 45 વર્ષીય એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. આવવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક અનુમાન મુજબ આ વ્યક્તિ રખડતું-ભટકતું જીવન જીવતી હોવાનું જણાયું છે. પલસાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાના બાલપુર પાસે ભાગવા જતાં ગાયો ભરેલો ટેમ્પો ઘરમાં ઘૂસી ગયો

વ્યારા: વ્યારાના બાલપુર ગામે ગેરકાયદે રીતે ગૌવંશ ભરીને ટેમ્પો પસાર થવાની બાતમી મળતાં ગૌરક્ષકોએ શનિવારે મળસ્કે વોચ ગોઠવી બાતમીવાળા ટેમ્પો નં (MH 05 R 8297)ને બાલપુર ગામે દાદરી ફળિયામાં ઊભા રાખવાની કોશિશ કરતાં પિકઅપના ચાલકે પૂરઝડપે હંકારી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી ટેમ્પોને રસ્તાની બાજુમાં એક ઘરમાં ઘૂસાડી દીધો હતો અને ત્યાંથી ભાગી છુટયો હતો ત્યારે ગૌરક્ષકોને ટેમ્પોમાં 5 ગાય સહિત 4 વાછરડા પૈકી 1 ગાય મૃત હાલતમાં મળી આવી હતી. ટેમ્પોમાં ખીચોખીચ ભરેલી ગાયો નજરે પડતાં અને કોઈ પણ જાતની પાસ પરમિટ વિના પશુઓની હેરાફેરી ધ્યાનમાં આવતાં જેની જાણ પોલીસને થતાં સુરતનાં તુષાર ભંડેરીની ફરિયાદીના આધારે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વર GIDC વિસ્તારમાં દેશી તમંચા, કારતૂસ સાથે બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC પોલીસે બાતમીના આધારે સારંગપુર ગામના આદીનાથ પ્લોટ વિસ્તારમાં દરોડા પાડી પંકજ સરફેવ મંડલ અને શિવનંદન દિલીપ મંડલ નામના બે આરોપીને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી એક દેશી બનાવટનો તમંચો, ચાર જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આ મામલે અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### સગીરાને ભગાડી દુષ્કર્મ કરનાર સહિત બે ઝડપાયા

ભરૂચ: ભરૂચ જિલ્લાના કાવી પંથકમાં 17 વર્ષની સગીર કિશોરીને ઘરેથી ભગાડી જઈ તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યો હતો. આ કૃત્યને પગલે વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જોકે, પોલીસે ગંભીરતા દાખવતા ઝડપભેર કાર્યવાહી હાથ ધરી બેને ઝડપી પાડ્યા છે. પોલીસ સૂત્રો દ્વારા આરોપીએ સગીરાને લલચાવી-ફોસલાવી તેના ઘરેથી અપહરણ કર્યું હતું અને ત્યારબાદ તેના પર જબરજસ્તી કરી હતી. આ ઘટનાને પગલે પીડિતાના પરિવારે કાવી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દોડતી થઈ હતી. કાવી પોલીસે ગણતરીના કલાકોમાં જ આ કેસનો તાગ મેળવીને મુખ્ય આરોપી સચિન ગીરીશકુમાર ઠાકોર (ઉં.વ.22) ની ધરપકડ કરી છે. તે ઉપરાંત અપહરણમાં મદદ કરનાર જયેશભાઈ ઘનશ્યામભાઈ ઠાકોર નામના અન્ય એક શખ્સને પણ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીઓ સામે સગીરાનું અપહરણ કરવા, તેની સાથે દુષ્કર્મ આચરવા અને પોક્સો (POCSO) એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પીડિત સગીરાને તાત્કાલિક તબીબી પરીક્ષણ માટે ખસેડવામાં આવી છે.

**માલિકીની જમીનમાં કોઈ પણ પ્રકારે વહેવારો કર્યા ન હોવા અંગેની જાહેર ચેતવણી**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે હમારા અસીલો ૧. અંકિતાબેન મનોજભાઈ પટેલ તે નિરવકુમાર પ્રવિણભાઈની પત્નિ, તથા કુશાંકકુમાર મનોજભાઈ પટેલ બન્ને રહે: પલસાણા, તા. પલસાણા, જી. સુરતનાએ તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની સુરત જીલ્લા, પલસાણા તાલુકા, મોજે પલસાણા મુકામે આવેલ બ્લોકનં. ૫૨૬/અ/૨વાળી તથા સુરત જીલ્લામાં આવેલ અન્ય ખેતીની જમીન સહીતની તમામ મિલકતો અંગે કોઈ પણ પ્રકારના વહીવટ, વ્યવસ્થા કરવા માટે યા વેચાણ, ગીરો કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરવા માટે કોઈ ત્રાહીતો જોડે કોઈ પણ પ્રકારે વહેવારો અંગેના લખાણો કે ઓથોરીટી સ્વરૂપના કોઈ લખાણો કોઈ પણ અન્ય શખ્સને કરી આપેલ નથી પરંતુ અમારા અસીલોના આધારકાર્ડ તથા પાનકાર્ડની ઝેરોક્ષ નકલો કશેકથી મેળવી તે બતાવી કોઈ બોગસ અને બનાવટી લખાણ હોવાનું ત્રાહિત વ્યક્તિઓ જણાવી મિલક્ત ટ્રાન્સફર, એસાઈન કરવાની પેરવીમાં ફરી રહ્યાનું તથા અન્ય ત્રાહીતો પાસે રૂપિયા ઉસેટવાની મોડસ ઓપરેન્ડી અપનાવી રહેલાનું હમારી જાણમાં આવેલ છે. જો કોઈ તેવા ત્રહીત શખ્સો હમારા અસીલોના પાનકાર્ડ, અધારકાર્ડની ઝેરોક્ષ બતાવી ઉપર જણાવેલ જમીન ટ્રાન્સફર કરવા અધિકાર હોવાનું જણાવે તો તે બોગસ અને ફ્રોડ છે. જેથી ઉપર જણાવેલ અમારા અસીલોની જમીન-મિલકતો અંગે અમારા અસીલો સિવાય કોઈપણ શખ્સ કોઈ પણ જાતના બનાવટી અને બોગસ લખાણો યા આધારકાર્ડ પાનકાર્ડની નકલો બતાવે તો તેને આધારે હમારા અસીલોની સ્વતંત્ર અને સંયુક્ત માલિકીની મિલક્તો અંગે કોઈ પણ પ્રકારના લેવડ દેવડ, ટ્રાન્સફર, એસાઈન, ગીરો, બક્ષીસ, વેચાણ કે અન્ય કોઈપણ જાતના વહેવારો કરવા કરાવવા નહી. તેવા પ્રકારના વ્યવહારોથી રકમ ગુમાવવા સિવાય તથા કાનૂની પ્રકરણો સિવાય કોઈ પણ જાતના રાઈટ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ પ્રાપ્ત થશે નહીં. જેથી જાહેરહિતમાં આ જાહેર નોટીશ પ્રસિધ્ધ થયેલ છે.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩